# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


રેફ નં. તા: ૦૬–૧૦–૨૦૦૯

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## સુરતની પ્રગતિ વિશેષ ધ્યાન માંગી લે છે.

કાઉન્સલ જનરલ શ્રી પોલ ફોલ્સ્બી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ધ્વારા યોજાયેલ અમેરિકાના કાઉન્સલ જનરલ શ્રી પોલ ફોલ્સ્બી સાથે ના વર્તાલાપમાં કાઉન્સલ જનરલે જણાવ્યુ કે, સુરતનો વિકાસ ખૂબજ વિશેષ છે અને તે જોતા તેને વૈશ્વિક નકશામાં મુકવા માટે તેઓશ્રી અમેરિકન સરકારને જાણકારી આપશે.

કાર્યક્રમની શરૂઆતમાં ચેમ્બરના પ્રમુખ શ્રી નિલેશ વી. માંડલેવાળાએ કાઉન્સલ જનરલને આવકારતા વેપાર અને ઉદ્યોગને લાગતા અનેક મુદાઓમાં સહયોગની જાણકારી આપી હતી. જેમાં ટેક્ષ્ટાઈલ્સ, રેડીમેટ ગારમેન્ટ, મેડીકલ ઈન્ફ્રાસ્ટ્રકચર, ઉદ્યોગ પ્રદર્શન, શિક્ષણ, ફલોરી કલ્ચર અને હોર્ટી કલ્ચર તથા હિરા ઉદ્યોગને વિશેષ મહત્વ આપવા તથા વેપાર ઉદ્યોગની અગત્યતાને સમજી સુરતમા ઈન્ડો–અમેરિકન ટ્રેડ એન્ડ ઈન્ફરમેશન સેન્ટરની શરૂઆત કરવા પર ભાર મુકયો હતો.

કાઉન્સલ જનરલ શ્રી પોલ ફોલ્સ્બીએ જણાવ્યું હતુ કે, અમેરીકા અને ભારતના વિચારો, ડેમોક્રેસી અને વેલ્યુઝ વિગેરેમાં ઘણી જગ્યાએ સામ્યતા જોવા મળે છે. આ સામ્યતા વેપાર અને ઉદ્યોગના વિકાસમાં મહત્વનો ભાગ ભજવી શકે છે અને તેને પ્રોત્સાહન આપી શકે છે.

શિક્ષણ, એસ.એમ.ઈ., એનર્જી, ટ્રેડ ફેર વિગેરે ક્ષેત્રોમાં બન્ને દેશો એક બીજા સાથે સંબંધો વિકસાવી શકે છે. અમેરિકામાં ભારતના લગભગ ૯૫,૦૦૦ વિદ્યાર્થીઓ શિક્ષણ લે છે, જે આંકડો ચાઈના કરતા પણ વધારે છે. યુ.એસ. ઈકોનોમિની વાત કરતા તેમણે જણાવ્યું હતુ કે, યુ.એસ.ની ઈકોનોમિ ૧૪ ટ્રીલીયન ડોલર જેટલી છે, જે વિશ્વની સૌથી મોટી ઈકોનોમિ ગણી શકાય.

વેપાર ઉદ્યોગના વિષય પર વાતો કરતા તેઓએ જણાવ્યું હતુ કે, ટુંક સમયમાં ભારતના વડા પ્રધાન અમેરિકાની મુલાકાત લેનાર છે, તે જ પ્રમાણે અમેરિકન રાષ્ટ્રપતી શ્રી બરાક ઓબામા પણ ભારતની મુલાકાત લેશે.

વેપાર ઉદ્યોગના પ્રતિનિધિઓએ કાઉન્સલ જનરલને અનેક મુદાઓ ઉપર સવાલ કર્યા હતા જેમાં મુખ્યત્વે બન્ને દેશના વેપાર અને ઉદ્યોગના પ્રતિનિધિઓને સરળતાથી વિઝા મળી રહે અને તેઓ વેપારમાં ઝડપી પ્રગતિ લાવવા માટે યોગ્ય પગલાઓ લઈ શકે. હિરા ઉદ્યોગમાં અમેરિકાની ઘટેલ ખરીદીના કારણે મંદી દુર કરવા માટે અમેરિકન સરકર કોઈ પગલા લઈ રહી છે કે કેમ તેના સંદર્ભમાં તેમણે જણાવ્યુ હતુ કે, સમગ્ર વેપાર અને ઉદ્યોગમાં મંદી હોવા છતા અમેરિકામાં ઝડપી પ્રગતિ થશે તેમાં કોઈ શંકા નથી અને ટુંક સમયમાં વેપાર અને ઉદ્યોગ રાબેતા મુજબ થશે.

અંતમાં ઉપપ્રમુખશ્રી ડૉ. અજોય ભટ્ટાચાર્યએ આભારવિધી આટોપી હતી.